# આવેદનપત્ર : ગ્રામીણ વડીલોના જ્ઞાનના સ્ત્રોત સમાન સાહિત્યની સુરક્ષા અને પોસ્ટલ કર્મચારીઓની બેદરકારી બાબતે.

પ્રતિ,
મહાનિદેશકશ્રી, ભારતીય પોસ્ટ વિભાગ. (નવી દિલ્હી)
ચીફ પોસ્ટમાસ્ટર જનરલશ્રી, અમદાવાદ. (ગુજરાત સર્કલ)

વિષયઃ ગ્રામીણ વડીલોના જ્ઞાનના સ્ત્રોત સમાન સાહિત્યની સુરક્ષા અને પોસ્ટલ કર્મચારીઓની બેદરકારી બાબતે.

આદરણીય મહોદય,
આજે ભારતના 50% થી વધુ ગામડાઓમાં ખાનગી ન્યૂઝપેપર એજન્સીઓ પહોંચતી નથી. આવા અંતરિયાળ વિસ્તારોમાં વસતા હજારો સિનિયર સિટીઝન (વરિષ્ઠ નાગરિકો) માટે પોસ્ટ દ્વારા આવતા વર્તમાનપત્રો અને સામયિકો જ સમય પસાર કરવાનું અને જ્ઞાન મેળવવાનું એકમાત્ર વિશ્વસનીય માધ્યમ છે. પરંતુ અત્યંત ક્ષોભ સાથે જણાવવું પડે છે કે પોસ્ટ વિભાગના ટપાલીઓ આ સાહિત્યને રસ્તે રઝળતું મૂકી દે છે અથવા પસ્તીમાં વેચી દે છે.
અમારી સ્પષ્ટ રજૂઆતોઃ

* વડીલોના અધિકારની રક્ષાઃ જે વડીલોએ આજીવન લવાજમ ભરીને સાહિત્ય મંગાવ્યું છે તેમની અમાનત તેમના ઘર સુધી પહોંચાડવી એ પોસ્ટ વિભાગની નૈતિક અને કાયદેસરની ફરજ છે.
* મૃત્યુઘંટ અટકાવોઃ જો સાહિત્ય વાંચકો સુધી નહીં પહોંચે તો પ્રિન્ટ મીડિયા અને સાહિત્યિક સંસ્થાઓનો મૃત્યુઘંટ વાગી જશે. આ જવાબદારીમાંથી પોસ્ટ વિભાગ છટકી શકે નહીં.
* સજેશન બોક્સ અને પારદર્શિતાઃ દરેક પોસ્ટ ઓફિસમાં 'સજેશન બોક્સ' (સૂચન પેટી) અનિવાર્યપણે મુકવામાં આવે જેથી વરિષ્ઠ નાગરિકો પોતાની ફરિયાદ સરળતાથી કરી શકે.
* કર્મચારીઓ સામે પગલાંઃ સાહિત્યનો પસ્તી તરીકે નિકાલ કરનાર ટપાલીઓ સામે તપાસ સમિતિ નીમી સખત શિક્ષાત્મક કાર્યવાહી કરવામાં આવે.

આશા છે કે આપ આ પત્રની ગંભીરતા સમજીને ગ્રામીણ ભારતના વડીલોના જ્ઞાનના અધિકારને બચાવવા યોગ્ય આદેશો જારી કરશો.

આદર પૂર્વક,
વરિષ્ઠ નાગરિકો વતી,
*Titixa Thacker*
(તિતિક્ષાબેન પ્રકાશચંદ્ર ઠક્કર)
પ્રમુખ – રતાડીયા જલારામ સખી મંડળ, મુન્દ્રા (કચ્છ)
તારીખઃ ૨૫/૧૨/૨૦૨૫

<u>નકલ સવિનય રવાના :</u>
૧. માનનીય પ્રધાનમંત્રીશ્રી, ભારત સરકાર, દિલ્હી. **(PMO INDIA)**
૨. માનનીય મુખ્યમંત્રીશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર. **(CMO GUJARAT)**